આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો...
M:9377124582

Fortnightly E-Magazine
॥ આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ॥
વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
પખવાડિક ઇ-મેગેઝીન
વર્ષ: ૨ • અંક: ૯ • સળંગ અંક: ૩૩ • ૧૪ જુન, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિઃશુલ્ક
Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## આવઈ અષાઢી બીજ

'વડોદરાના કચ્છીઓનું સમાજ દર્શન' ઇ-મેગેઝીનનો આગામી અંક 'કચ્છી નવ વર્ષ સ્પે.' એટલે કે 'અષાઢી બીજ વિશેષાંક' તરીકે પ્રકાશિત થઇ રહ્યો છે. આ અંક કચ્છ વિશેની માહિતી, લેખો, કવિતાઓ તથા વાર્તાઓથી ભરપૂર રહેશે.

આ કચ્છી નવવર્ષના અવસર પર આપની શુભેચ્છા જાહેર ખબર આપી અમને સહકાર આપવા વિનંતી છે.

આજે ૩૩ સળંગ અંકોના સફળ પ્રકાશન બાદ ઇ-મેગેઝીન વડોદરા ઉપરાંત દેશ વિદેશમાં ઇલેક્ટ્રોનિક માધ્યમ, વોટસ્ ઍપ, ફેસબુક, વેબસાઇટ દ્વારા ૧૦,૦૦૦ ઉપરાંત વાચકોને પહોંચી રહેલ છે.

આપનામાંથી અનેક લોકો ધંધા, વ્યાપાર, દુકાન, ફેક્ટરી કે અન્ય વ્યવસાયિક સંસાધનો સાથે જોડાયેલ છો. આ ઇ-મેગેઝીનમાં આપની જાહેરખબર અનેક લોકો સુધી પહોંચીને આપના દ્વારા થયેલ આર્થિક પ્રગતિની જાણ તો કરશે જ પરંતુ તેની સાથે સાથે તે અનેક લોકો માટે પ્રેરણારૂપ પણ બનશે. આપની સફળતાની ગાથા સમાજના અનેક લોકો માટે પ્રોત્સાહનરૂપ બની શકે છે. વિશ્વભરમાં જાહેરખબરને ધંધાની સફળતાની પ્રથમ સીડી માનવામાં આવે છે અને તેના અનેકાનેક દાખલાઓ જોવા મળે છે.

આ ઇ-મેગેઝીન વડોદરા ઉપરાંત ભારતભરમાં એક કલરફુલ, સુંદર, સામાજીક, ઇન્ફોર્મેટીવ કચ્છ-ગુજરાતી મેગેઝીન તરીકે સફળતા મેળવી રહેલ છે. આ મેગેઝીન બધે 'ઓનલાઇન' 'નિઃશુલ્ક' ઉપલબ્ધ છે.

અમારા આ પ્રયત્નોમાં આપ જેવા ધંધાદારી, વ્યાપારી, કચ્છ તથા કચ્છીભાષાના ચાહકોનો સહકાર અપેક્ષિત છે. ઇલેક્ટ્રોનિક માધ્યમને કારણે આ મેગેઝીનના પ્રકાશનનો ખર્ચ ઓછો આવી રહેલ છે, તેથી જાહેરાતના દરો ખૂબ જ વાજબી રાખેલ છે.

અંકોના પ્રકાશનમાં સમય તથા સ્કીલનો ઉપયોગ થાય છે જેના માટે તથા આ ઇ-મેગેઝીનને પ્રકાશિત કરી તેને વેબસાઇટ પર નિયમિત રીતે અપડેટ કરવાનો ખર્ચ પણ આવે છે. તે ખર્ચને પહોંચી વળવા આપને આ વિશેષ અવસરે જાહેરખબર આપવા અનુરોધ છે.

ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન આપને જાહેરખબર આપી અમને સહકાર આપવા વિનંતી છે. આ માટે અનેક પેકેજ ઉપલબ્ધ છે.

કચ્છના એક સુંદર કચ્છી મેગેઝીનને આપના પ્રોત્સાહન તથા સહકારની અપેક્ષા છે.

– નવીન પટેલ

## મારું વડોદરા... પ્યારું વડોદરા...


**વડોદરા વિષે જાણકારી આપતા લેખનો પ્રથમ બે ભાગ અગાઉના અંકોમાં પ્રકાશિત થયેલ છે. વડોદરા શહેરની વિગતો, તેના ઇતિહાસથી માંડીને વર્તમાન સુધીની વાતો અહીં માણીશું. ત્યારબાદ વડોદરાના કચ્છીઓની વિશેષ વાતો આ પાના પર છપાશે. આપના અનુભવો અમને મોકલશો તો એનો સમાવેશ પણ કરાશે.**

## વડોદરાનું રાજમહેલ 'લક્ષ્મી વિલાસ પેલેસ'



વડોદરા એટલે ગુજરાતનું ત્રીજા ક્રમનું અને ભારતનું સાતમા ક્રમનું સૌથી મોટું શહેર. અહીં ૨૨ લાખ લોકો પાસે ઘરનું ઘર એટલે કે પોતાના રહેઠાણો આ શહેરમાં છે. વડોદરાના ભૂતપૂર્વ શાસક મહારાજા સયાજીરાવ ગાયકવાડે આ શહેરને ચેતનવંતુ બનાવ્યું એમ કહી શકાય. જો કે રાજવી કુટુંબના અન્ય સભ્યોનો ફાળો પણ બહુમૂલ્ય છે.

આ શહેર પાસે સાંસ્કૃતિક વારસાની અદભૂત દેન છે. પાણી દરવાજા, માંડવી દરવાજા, ચાંપાનેર દરવાજા, લહેરીપુરા દરવાજા અને ગેંડી દરવાજા આ ઉપરાંત, લક્ષ્મીવિલાસ પેલેસ અને નજરબાગ પેલેસ વડોદરાને મળેલો ભવ્ય સાંસ્કૃતિક વારસો છે. આ બધામાં લક્ષ્મી વિલાસ પેલેસ નું મહત્વ અનેરું છે. તો ચાલો આજે આપણે જોઇએ રાજઘરાનાના નિવાસ સ્થાન એવા લક્ષ્મી વિલાસ પેલેશ વિશેની કેટલીક રસપ્રદ વાતો.



૧. સૌથી મોટું ખાનગી નિવાસ સ્થાન:

લક્ષ્મીવિલાસ પેલેસ એ એક કદાચ સૌથી મોટું ખાનગી નિવાસ સ્થાન છે. ચોંકી જવાય એવી માહિતી એ છે કે આ મહેલ ઇંગ્લેન્ડમાં આવેલ લંડનના બંકીંગહામ પેલેસ કરતા ચાર ગણો મોટો છે.

૨. અધધધ ! ૧૭૦ ઓરડાઓ :

ફક્ત મહારાજા અને મહારાણી બેજ વ્યક્તિઓ માટે બનાવેલો આ મહેલમાં ૧૭૦ ઓરડાઓ છે !

૩. લક્ષ્મીવિલાસ પેલેસનું બાંધકામ :

લક્ષ્મીવિલાસ પેલેસનું બાંધકામ ઇ.સ. ૧૮૭૮માં શરૂ કરવામાં આવેલ હતું અને મહેલના બાંધકામને પૂરું થતા ૧૨ વર્ષ જેટલો સમય લાગ્યો હતો.

૪. લક્ષ્મીવિલાસ પેલેસની ડિઝાઇન :

આ મહેલની ડિઝાઇન ઇન્ડોસાર્સેનિક શૈલીમાં કરવામાં આવી છે. આ ડિઝાઇનનું કામ મેજર ચાર્લ્સ મંટ દ્વારા કરવામાં આવેલ હતું. એમના મૃત્યુ પછી તેમનું આ કાર્ય રોબર્ટ ફેલ્લોવેસ ચીશોલ્મએ સંભાળ્યું હતું. જોકે રોબર્ટ ફેલ્લોવેસ ચીશોલ્મ આમ તો એક સારા આર્કટિક હતા પરંતુ અમુક ગણતરી બાદ તેઓ એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે આ મહેલ લાંબો સમય સુધી નહીં ટકે. પરંતુ, આજે ઇ.સ. ૨૦૨૫માં ૧૪૭ વર્ષ બાદ પણ આ મહેલ એમ જ અડીખમ ઉભો છે.

૫. લક્ષ્મીવિલાસ પેલેસની બાંધકામ શૈલી :

# મારું વડોદરા... પ્યારું વડોદરા...



મહેલનો આગળનો ભાગ એકલેક્ટિક આર્કિટેક્ચર શૈલીથી તૈયાર કરવામાં આવેલ છે. આમાં મોગલ, જૈન, રાજપૂત, મરાઠી, ગુજરાતી આ ઉપરાંત ગોથિક અને વેનેટીયન શૈલીનું સંમિશ્રણ ખૂબ જ સુંદરતાપૂર્વક કરવામાં આવેલ છે.

૬. મહેલના બાંધકામમાં વિદેશી કારીગરોનો પણ હાથ!

મહેલના બાંધકામ માટે સ્થાનિક અને વિદેશી બંને પ્રકારની સામગ્રી અને ભારતભરમાંથી નિપૂણ કારીગરોની મદદ લેવામાં આવેલ. અહીં વપરાયેલા લાલ માટીના પથ્થર ખાસ આગ્રાથી મંગાવામાં આવ્યા તો અહીં વપરાયેલા બ્લુ ટ્રેપ સ્ટોન પુનાથી તથા આરસપહાણ રાજસ્થાન તેમ જ ઇટલીથી મંગાવામાં આવેલ. ઉપરાંત દરબારના મુખ્ય હૉલનું ભોંયતળિયું સુંદર મોઝેઇકથી બનાવવામાં માટે વેનિસથી ખાસ ૧૨ કારીગરો લાવવામાં આવ્યા હતા. અન્ય બાંધકામ માટે નિષ્ણાત કારીગરો અને ગૈધરોને દેશભરમાંથી અહીં બોલાવવામાં આવેલ જેમાંના ઘણા લોકો અહીં જ વસી જઇને વડોદરાવાસી થઇ ગયા છે.

૭. સૌથી મોંઘુ બાંધકામ :

મહેલનું બાંધકામ પૂરું થયું તે વખતે બાંધકામનો કુલ ખર્ચ આશરે રૂ. ૧,૮૦,૦૦૦ જેવો થયેલ જે રકમ તે વખતનાં હિસાબે ખૂબ જ મોટી હતી આમ આ મહેલનું બાંધકામ સૌથી મોંઘુ બાંધકામ ગણાતું.

૮. 'ક્લોક ટાવર'નું નિર્માણ :

મહેલમાં ૩૦૦ ફિટ જેટલો ઊંચો ટાવર બનાવવામાં આવ્યો હતો જેમાં એક મોટું ઘડીયાલ ફિટ કરીને તેને 'ક્લોક ટાવર' બનાવવાની યોજના હતી. પરંતુ ઘડિયાળના 'ટક-ટક' અવાજથી આજુબાજુના રહેવાસીઓને સમસ્યા થઇ શકે એમ વિચારી તેનું



અમલીકરણ કરવામાં નહીં આવ્યું. તેની જગ્યાએ વિવિધ રંગના લેમ્પ ગોઠવવામાં આવ્યા. જેમાં લાલ લાઇટ થાય જે સૂચવે કે રાજા મહેલમાં છે. આ પ્રથાને આજે પણ અનુસરવામાં આવે છે તે ઘણાં ઓછા લોકોને ખબર હશે. જો રાજા મહેલ માં હાજર હોય ત્યારે વધારામાં મુખ્ય પ્રવેશદ્વાર પર કેસરી ધજા પણ ફરકાવામાં આવે છે.

૯. લક્ષ્મીવિલાસ પેલેસનો સુંદર બગીચો :

લક્ષ્મીવિલાસ પેલેસનો સુંદર બગીચો ખુબ પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી સર વિલિયમ ગોલ્ડરીંગ દ્વારા તૈયાર કરાવવામાં આવ્યો હતો જેમણે લંડનનો વિખ્યાત 'ક્યુ બોટોનિકલ ગાર્ડન' પણ તૈયાર કર્યો છે.

૧૦. મહેલમાં થયેલો રંગીન કાચનો ઉપયોગ :



લક્ષ્મી વિલાસ પેલેસમાં મહત્તમ રંગીન કાચનો ઉપયોગ કરવામાં આવ્યો છે, આવો ઉપયોગ તે જમાનામાં કોઇપણ મહેલમાં કદાચ નહીં થયો હોય.

૧૧. રેલવે લાઈન :

મહેલ અને શાળાનું અંતર ઘટાડવા મહારાજશ્રી દ્વારા અહીં નાની રેલવે લાઇન બનાવવામાં આવી છે.

૧૨. મોતીબાગ મહેલ અને મહારાજા ફતેહસિંહ મ્યુઝીયમ :

મહેલનું ચોગાન ૭૦૦ એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલ છે. મહેલના સંકુલમાં જ મોતીબાગ પેલેસ અને મહારાજા ફતેહસિંહ મ્યુઝીયમ જેવા સ્થાનો પર આવેલ છે.

આમ તો મહારાજા ફતેહસિંહ મ્યુઝીયમનો ઉપયોગ મહારાજાના બાળકોની શાળા માટે કરવામાં આવવાનો ઇરાદો હતો. પરંતુ ત્યારબાદ આ સ્થાન પર આ મરાઠા રાજવી પરિવારની કલાકારીની વસ્તુઓ પ્રદર્શિત કરવા માટે કરવામાં આવે છે. જેમાં મહારાજા ગાયકવાડ ત્રીજાના વિદેશ પ્રવાસો દરમિયાન એકત્રિત થયેલ કલાકારીની વસ્તુઓ અહીં પ્રદર્શિત કરવામાં આવે છે.

મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડ સંગ્રહાલયમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર ભારતીય અને યુરોપી ચિત્રો સંગ્રહસ્થાન છે. એમાંય ખાસ તો ભારતિય ચિત્રકાર રાજા રવિ વર્માના ચિત્રો. એ વખતના સમયમાં રાજા રવિ વર્માના ચિત્રો જે તેમના વડોદરાના નિવાસ દરમ્યાન બન્યા હતા. તે સમયના વડોદરાના તત્કાળ



મહારાજાને સોંપવામાં આવ્યા હતા. આ ચિત્રોમાં રાજવી પરિવારના ચિત્રો તથા પૌરાણિક કથાઓ પર આધારિત ચિત્રોનો અદભૂત ખજાનો છે. પૌરાણિક કથાઓ આધારિત ચિત્રો માટે રાજા રવિ વર્મા ખુબ પ્રખ્યાત છે.

એ ઉપરાંત અહીં આરસ અને કાંસ્યના શિલ્પોનો મોટો સંગ્રહ છે. અમુક મહાન સ્નાતકો અને કલાકારોની મૂર્તિઓ પણ અહીં મુકવામાં આવી છે. મહારાજાની ચીન અને જાપાનની મુલાકાત દરમિયાન એકત્રિત કરેલી ચીની અને જાપાની મૂર્તિઓ પણ અહીં તમને જોવા મળશે.

સંગ્રહાલયની ડિઝાઇન માટે મહારાજા દ્વારા પ્રખ્યાત કલાકારોમાંની એક ઇટાલિયન કલાકાર ફેલિસિ રાખવામાં આવી હતી. આ ઇટાલિયન કલાકારે માત્ર સંગ્રહાલય જ નહીં પણ લક્ષ્મી વિલાસ પેલેસને પણ શણગારી તેની શોભાને ચાર ચાંદ આપી દીધા હતા. કલાકાર ફેલિસિની કેટલીક કૃતિઓને પણ સયાજીબાગ એટલે કે કમાટીબાગ ખાતે મુકવામાં આવી છે.

મોતીબાગ મહેલનું નિર્માણ આમ તો બ્રિટિશ આર્કિટેક્ચરો માટેના અતિથિગૃહ તરીકે થયું હતું. હાલમાં તેનો ઉપયોગ સાથેના મેદાનના ક્રિકેટ સ્ટેડિયમ તરીકે થાય છે.

વડોદરાના આ સુંદર સાંસ્કૃતિક વારસાની મુલાકાત તમે લીધી જ હશે અને ના લીધી હોય તો હવે જરૂરથી એક વખત અહીંના કલામય વાતાવરણને માણજો.

તો આ હતી વડોદરાની થોડીક ઝાંખી. એ ઉપરાંત વડોદરામાં ૨૦ ઉપરાંત અલગ અલગ જ્ઞાતિના મૂળ કચ્છના લોકો વસે છે. એમાંના ઘણાંએ વડોદરાને કર્મભૂમિ બનાવીને વિવિધ ક્ષેત્રોમાં અનેક રીતે નામના મેળવેલ છે તેમની વાતો ભવિષ્યમાં ક્યારેક જોઇશું.

જૈનો માટે હાલમાં કલાનગરી વડોદરાના પ્રાચીન જિનાલયોના દર્શનાર્થે દર રવિવારે રિક્ષા સેવા શરૂ કરેલ છે જેનું બુકીંગ અગાઉથી મો: ૯૯૦૯૦ ૧૫૭૬૦ (જતિનભાઇ) ૯૮૯૮૦ ૦૩૮૭૭ (સુબોધભાઇ) પાસે કરાવી લેવું

એ ઉપરાંત વડોદરાના અટલાદરામાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોત્રીનું ઇસ્કોન મંદિર, ઇ.એમ.આઇ.નું એલ્યુમિનિયમ મંદિર, પાવાગઢમાં આવેલ દેવી શ્રી મહાકાલીનું મંદિર (૫૧ કિ.મી.) જેવા અનેક મંદિરો પણ જોવાલાયક છે.

(સંદર્ભ : ઇન્ટરનેટ, વડોદરા મ.ન.પા.ની ડાયરી, દિપ શાહનો લેખ વિ.પરથી)

# આગામી અષાઢી બીજ કચ્છી નવ વર્ષના કાર્યક્રમો

## શ્રી કચ્છી લોહાણા મહાજન

અષાઢી બીજ ને શુક્રવાર તા.૨૭.૬.૨૦૨૫ના રોજ શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા દ્વારા કચ્છના નવ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ઇષ્ટદેવોની પૂજા - આરતી તથા જ્ઞાતિજનો માટે એક મનોરંજન કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે જ્ઞાતિજનો માટે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ

શુક્રવાર તા. ૨૭.૬.૨૦૨૫ના રોજ શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજ, વડોદરા દ્વારા મહિલા મંડળ તરફથી કચ્છી નવ વર્ષની ઉજવણીના પ્રસંગે એક સુંદર મનોરંજક કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહેલ છે. સાથેસાથે શ્રી ધણીબાવાના ભાવિકો તરફથી સામુહિક પાઠનું આયોજન કરવામાં આવી રહેલ છે. આ પ્રસંગે સમગ્ર સમાજના જ્ઞાતિજનોને શ્રી ધણીબાવાના દર્શન તથા પ્રસાદનો લાભ લેવાનું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## શ્રી કચ્છી નાગર મિત્ર મંડળ

આગામી રવિવાર તા. ૨૯.૬.૨૦૨૫ના રોજ શ્રી કચ્છી નાગર મંડળ, વડોદરા દ્વારા કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ઉજવણી રૂપે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.








# સ્વિમીંગ ચેમ્પીયન કચ્છી મા - દિકરી

ગત વર્ષમાં વડોદરાના ક.દ.ઓ. જૈન સમાજના કચ્છ તેરાના યુવા દિપેન વર્ધમાન લોડાયાની દિકરી કાયરાએ વિવિધ સ્વિમીંગ કોમ્પીટીશનોમાં સફળતા પ્રાપ્ત કરી હતી.

આ વર્ષે કાયરાની સાથે તેની મમ્મી નેહાબેને પણ તેનો સાથ આપતા અનેરી સિધ્ધિઓ પ્રાપ્ત કરીને કુટુંબ તેમ જ સમાજને ગૌરવ અપાવેલ છે.

ચાલો તેમના આ વર્ષના 'પરાક્રમો' પર એક નજર નાખીએ...

આ વર્ષે ૧૧.૫.૨૦૨૫ના રોજ વડોદરાની એક્વા અર્જુન અકાદમી દ્વારા આયોજિત **Swim Baroda 2025** સ્પર્ધામાં કાયરાએ અન્ડર ૯ વર્ષની કેટેગરીમાં ફ્રી સ્ટાઇલ (૫૦ મીટર)માં સિલ્વર તથા બેક સ્ટ્રોક (૫૦ મીટર)માં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. તેની સાથે તેની મમ્મીએ એ જ સ્પર્ધામાં ફ્રી સ્ટાઇલ (૫૦ મીટર)માં બ્રોન્ઝ બેડલ મેળવેલ છે.

ત્યારબાદ ૮મી જુનના રોજ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે **The Underwater Sports Association, Gujarat** દ્વારા આયોજિત **3rd Gujarat state fin swimming pool championship -2025** માં કાયરાએ ૫૦ મીટરની મોનો સ્પર્ધામાં ત્રીજું અને રીલે સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ જ્યાર નેહાબેને ૫૦ મીટરની મોનો સ્પર્ધામાં પ્રથમ અને ૫૦ મીટર બાયફીનમાં બીજું સ્થાન મેળવેલ છે.

બંનેને અનેક સફળતાઓ માટે હાર્દિક અભિનંદન.








Kala
Craft
Traditional & Creative
Craft Collection





Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211









વડોદરાના બધા કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...

કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ

કચ્છ કોઠારા- વડોદરા

# ભારતીય ક્રિકેટના આજીવન સિતારાઓ – ૧

## પંકજ રોયઃ ઉત્સાહી ઓપનિંગ બેટ્સ્મેન......





પંકજ રોયનો જન્મ હાલના બાંગ્લાદેશના કુમારતુલીમાં થયો હતો. તેઓ એક એવા સ્પોર્ટસ પરિવારમાં જનમ્યા જેમાં ઘણાં જણ ક્રિકેટર કે ફૂટબોલર હતા. ઢાકા ભાગ્યકુલના રોય પરિવારે વ્યવસાય અને રમતગમતને સમાન મહત્વ આપ્યું હતું. મોહન બાગાન, પૂર્વ બંગાળ, સ્પોર્ટિંગ યુનિયન જેવા ક્લબમાં તેમનું યોગદાન ખૂબ જ મોટું છે.

પંકજ રોયે ૧૨ વર્ષની ઉંમરે ક્રિકેટ અને ૧૪ વર્ષની ઉંમરે જ શાળા સ્તરે ફૂટબોલ રમવાનું શરૂ કર્યું હતું. ધીમે ધીમે, જેમ જેમ તે શાળામાંથી કોલેજમાં આગળ વધ્યા તેમની રમત નીખરતી ગઇ. તેમને ક્રિકેટ માટે બંગાળ માટે બોલાવવામાં આવ્યો. તે સમયે તે એક નિયમિત બોલર હતા અને બોલર તરીકે જ કારકીર્દી બનાવવાની તમન્ના હતી.

આની વચ્ચે ૧૯૪૫માં રણજી ડેબ્યૂમાં, તેમની પ્રથમ કક્ષાની પ્રથમ મેચમાં જ તેમણે ઉત્તરપ્રદેશ સામે સદી ફટકારી દીધી. ત્યારબાદ તેમણે પાછળ વળીને જોયું નહીં. આમ તે એમ બોલરમાંથી આક્રામક બેટસમેન બની ગયા જેમણે ભારતનું નામ દુનિયાભરમાં રોશન કર્યું.

૧૯૪૮માં, તેમણે કાર્માઇકલ સામે વિદ્યાસાગર કોલેજ માટે ૨૮૩ રન બનાવીને કોલકાતા સ્થાનિક ક્રિકેટમાં ગણેશ બોસનો ૨૭૧ રનનો રેકોર્ડ તોડ્યો. આમ જાણે નવા રેકોર્ડ બનાવવાની તેઓ પ્રકટીસ કરી રહ્યા હતા.

તે જ વર્ષે, પંકજ રોય વેસ્ટ ઇન્ડીઝ સામે ઓલ ઇન્ડિયા યુનિવર્સિટીની ટીમમાં પસંદ થયો. પરંતુ તે ટીમના કેપ્ટન યશવંત પાલવણકરે પોલી ઉમરીગરને વધુ તક આપવા માટે તેમને ૧૧મા ક્રમે બેટીંગમાં મોકલ્યા.

થોડા સમય પછી, પંકજ રોયને ફરી તક મળતા તેમણે બંગાળ ગવર્નરની ટીમ વતિ વેસ્ટ ઇન્ડિઝ સામે સદી ફટકારી, જે ભારતના કોઇપણ બંગાળી ક્રિકેટર દ્વારા પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી હતી.

તેમની ફૂટબોલમાં પણ પ્રગતિ તો ચાલુ જ હતી. તે જ વર્ષે, તેમણે બર્મા સામે IFA માટે ગોલ કર્યો. જોકે ત્યારબાદ બંગાળના કાર્તિક બોઝની સલાહથી તેમણે ફૂટબોલ છોડી દીધું અને ક્રિકેટની રમત પર સમગ્ર ધ્યાન કરવાનું નક્કી કર્યું.

ક્રિકેટમાં તેમણે રોહિન્ટન બારિયામાં કલકત્તા યુનિવર્સિટી માટે નિયમિતપણે રમવાનું શરૂ કર્યું. થોડા સમય બાદ તેઓ ટીમના કેપ્ટન બન્યા અને ઘણી સદીઓ ફટકારી.

૧૯૫૧માં MCCની ભારત મુલાકાત દરમિયાન બે ઘટનાઓ બની. તેઓ કમ્બાઇન્ડ યુનિવર્સિટીના કેપ્ટન બન્યા અને પછી તેમણે તેમની પ્રથમ ટેસ્ટમેચ માટે ભારત તરફથી દિલ્હીમાં ટેસ્ટ ડેબ્યૂ કર્યું.

પોતાની પહેલી ટેસ્ટમાં તો તેઓ ફક્ત ૧૨ રન બનાવીને આઉટ થઇ ગયા પરંતુ રોયે તે શ્રેણીમાં બે સદી ફટકારીને પોતાની પ્રતિભા દેખાડી. શ્રેણીની બીજી ટેસ્ટમાં તેમણે સદી ફટકારતાં કલકત્તાના રમતગમત ક્ષેત્રમાં અભૂતપૂર્વ ઉત્સાહનો માહોલ સર્જાયો. કોઇપણ બંગાળી દ્વારા તે પહેલી ટેસ્ટ સદી હતી. આ સદીના કારણે બંગાળમાં જ્યાં ફૂટબોલનું વર્ચસ્વ હતું તેની સાથે ક્રિકેટ માટે બધા રસ લેતા થયા. શ્રેણીની મદ્રાસ ખાતેની પાંચમી ટેસ્ટ મેચ, જે ભારતના ક્રિકેટ ઇતિહાસની પહેલી ટેસ્ટ જીત હતી તેમાં પંકજ રોયે તેમની બીજી ટેસ્ટ સદી ફટકારી ભવિષ્યમાં થનારી ઘટનાઓનો એંધાણ આપ્યો.

૧૯૫૧-૫૨માં તેમણે વિદ્યાસાગર કોલેજ માટે ૨૮૮ રન બનાવીને પોતાનો જ રેકોર્ડ પણ સુધાર્યો. જોકે તેઓ બેન્જામિન ફ્રેન્ક દ્વારા સ્થાપિત ૩૦૫ રનના આંકડાથી પાછળ રહી ગયા.

ત્યારબાદ એક ઐતિહાસિક ઘટના બની જેને ભારતીય ક્રિકેટની તેમજ તેમની કારકિર્દીની સૌથી સફળ ઘટના કહી શકાય. ૧૧ જાન્યુઆરી ૧૯૫૬ના રોજ મદ્રાસમાં ન્યુઝીલેન્ડ સામે બની હતી. વિનુ માંકડ સાથે તેમણે પ્રથમ વિકેટ માટે ૪૧૩ રનનો વિશ્વ વિક્રમ નોંધાવ્યો. છેક ઇ.સ. ૨૦૦૮માં ગ્રીમ સ્મિથ અને નીલ મૅકેન્ઝીએ બાંગ્લાદેશ સામે પ્રથમ વિકેટ માટે ૪૧૫ રન બનાવ્યા ત્યાં સુધી એટલે કે લગભગ ૫૨ વર્ષ સુધી પ્રથમ વિકેટની ભાગીદારીનો આ રેકોર્ડ ટકી રહ્યો. એક એવી અફવા પણ છે કે ડ્રેસિંગરૂમમાંથી મોકલવામાં આવેલા એક સંદેશ દ્વારા તેમને તે ઇનિંગમાં ૨૦૦ રન બનાવવાથી અટકાવવામાં આવ્યા હતા.

૧૯૫૯માં જ્યારે ભારતે ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો, ત્યારે રોય લોર્ડ્સ ટેસ્ટમાં કેપ્ટન બન્યા. પ્રથમ બંગાળી ટેસ્ટ કેપ્ટન. જોકે, તેઓ સ્ટેન્ડ-ઇન કેપ્ટન હતા અને ફક્ત એક જ ટેસ્ટમાં તેમનું નેતૃત્વ કર્યું હતું.

૧૯૬૦-૬૧માં પાકિસ્તાન સામેની સીરીઝમાંથી તેમને ટીમમાંથી બહાર કરી દેવાયા હતા. વિજય મર્ચન્ટે તેમને કોલકાતા ટેસ્ટમાં પાછા બોલાવવાની માંગ કરી હતી, પરંતુ તેમની માંગણીઓ સાંભળવામાં આવી ન હતી.

૧૮૫ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં, રોયે ૩૩ સદી સાથે ૧૧૮૬૮ રન બનાવ્યા હતા. આ માણસને માપવા માટે તેમના મનમાં રહેલ મક્કમતાની કલ્પના કરવી રહી. એક મેચમાં ત્યારના ખતરનાક બોલર ગિલક્રિસ્ટ સામે સાત કલાકમાં ૯૦ રન બનાવી શક્યા હતા. તે સમયના શ્રેષ્ઠ બોલિંગ આક્રમણો સામે તેમણે અનેક વખત સુંદર પ્રદર્શન કર્યું હતું. એક દાયકાથી વધુ સમય સુધી ભારતીય ઓપનિંગ બેટ્સમેન તરીકે સેવા આપ્યા પછી, તે ભારતના ટોચના પાંચ રન બનાવનારાઓમાંના એક તરીકે નિવૃત્ત થયો. પંકજ રોયનો જન્મ ૩૧ મે ૧૯૨૮ ના રોજ થયો હતો.

(સંદર્ભ : 'ક્રિકેટ મેશ'માં સુમિત ગંગોપાધ્યાયની માહિતીનો અનુવાદ તથા ઇન્ટરનેટ પર ઉપલબ્ધ ડેટા પરથી)

વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
બધાને કચ્છી નવ વર્ષની શુભેચ્છાઓ આપીએ...
આપની શુભેચ્છા જાહેરાત આપવા નિમંત્રણ છે...

FULL PAGE.... Rs. 2000/- આખું પાનું .... રૂા. ૨૦૦૦/-
HALF PAGE.... Rs. 1000/- અડધું પેજ .... રૂા. ૧૦૦૦/-
QUARTER PAGE.... Rs. 500/- પા પેજ .... રૂા. ૫૦૦/-

નિયમિત જાહેરખબર માટે પેકેજ ઓફરમાં ૫૦% + ડીસ્કાઉન્ટ
વધુ માહિતી માટે whatsApp: 9377124582 પર આજે જ અમારો સંપર્ક કરો...








- આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
- સદ્ગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
- ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.

**ટોપ ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઈટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.**

**વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલ: 9377124582 (ALL INDIA DELIVERY)**

## હાર્દિક શુભેચ્છાઓ સહ

## રામજીભાઈ કેસરીયા

**MICROFINE PRODUCTS**

Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts

*797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.*
*Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com*
*Mob: +91 85111 63773*

# ટચૂકડી જાહેરખબર – ક્લાસીફાઈડ



## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/116, Vallabh Vihar Complex, Nr. Mahavir Hall, Ajwa Road, Vadodara 390019, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT
Cooking & Baking Classes

*New Vision & New Varieties*



*B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015*
*Website : www.variantclass.in*
*Email: variantclass@gmail.com*



*Varsha Patel*
*M: 9426326389*

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/116, Vallabh Vihar-B,
Near Mahavir Hall,
Ajwa Raod, Vadodara - 390019.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*

અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*

પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૮૮/- માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

## ધંધાકીય

આપ કોઈપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઈ આઈટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## વડોદરામાં ફ્લેટ વેચવાનો છે

મહાવીર હોલ નજીક, આજવા રોડના શાંત વિસ્તારમાં 2 BHK સેમી ફર્નીશ્ડ, A/C, Fridge, નાનું કબાટ, દિવાન વિગેરે સાથે, ૩જા માળે, લિફ્ટ નથી, હાલમાં રીનોવેટ કરાવેલ વેલ મેઈન્ટેડ ફ્લેટ, ફક્ત ૧૬ લાખમાં, તુરંત કબજો, ૭૫૦ કારપેટ, ૨૪ કલાક પાણી, મેઈન રોડ ટચ. 2 WC-Bathroom, Vitrified Tiles, Granite Kitchen, Some Fixed Furniture, સ્કુલ, દેરાસર, હવેલી, મંદિર, હોસ્પીટલ, શાક માર્કેટ નજીક. Airport 5, Station 7, NH8 bypass 3 km. CALL : 9377124582

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

### કચ્છ-અર્પણ
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| FULL PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 2,000 | 10,000 |
| **HALF PAGE** | |
| 1 Month | 1 YEAR |
| 1,000 | 5,000 |
| **QTR. PAGE** | |
| 1 Month | 1 YEAR |
| 500 | 2,500 |
| **DISPLAY AD** | |
| 1 YEAR | |
| 1,000 | |

### વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| FULL PAGE (2000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 10,000 | 18,000 |
| **HALF PAGE (1000 per advt)** | |
| 6 Months | 12 Months |
| 5,000 | 9,500 |
| **QTR. PAGE (500 per advt)** | |
| 6 Months | 12 Months |
| 2,400 | 4,500 |
| **DISPLAY Ad (250 per advt)** | |
| 6 Months | 12 Months |
| 1,000 | 1,800 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૦

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

# ભારતના આદ્ય ક્રાંતિવીર કચ્છના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા - ૨

સન ૧૮૮૩ ઑક્સફર્ડમાં એગ્ઝિબિશન ભરાયું તે વખતે લોર્ડ નોર્થબ્રેકે ઇંગ્લેન્ડના પાટવી કુંવર એડવર્ડ સાતમાની મુલાકાત કરાવી હતી. એ જ વર્ષના સપ્ટેમ્બર માસની લંડનની ઑરિયેન્ટલ કોંગ્રેસમાં હિંદખાતાના સેક્રેટરી ઑફ સ્ટેટ તરફથી પંડિતજીને હિંદ તરફના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવ્યા હતા. લંડનની પરિષદમાં પંડિતજીએ પ્રાચીન હિંદમાં લેખનનો ઉદ્યોગફ્ર એ વિષય પર અંગ્રેજી નિબંધ વાંચ્યો હતો. આ નિબંધ પણ કોંગ્રેસના રિપોર્ટમાં પૂરેપૂરો પ્રકટ કરવામાં આવ્યો હતો.

સન ૧૮૮૩ના નવેમ્બર માસમાં મુંબઈના માજી ગવર્નર સર બાર્ટલ ફ્રીયરની દરખાસ્તથી પંડિતજી ઇંગ્લેન્ડની રોયલ એશિયાટિક સોસાયટીના મેમ્બર નિમાયા હતા.

સન ૧૮૮૪માં ડોક્ટર મોનિયર વિલિયમ્સ સાથે હિંદ ખાતે પાછા ફર્યા હતા. સૌથી પ્રથમ કલકત્તા ગયા અને હિંદના લોકપ્રિય વાઇસરોય લોર્ડ રિપનની પંડિતજીએ મુલાકાત લીધી હતી. એ વખતે એમણે હિંદના વતનીઓને ઇંગ્લેન્ડ જવાનું સુલભકરી આપવાની મંજૂરી મેળવી લીધી હતી. તેની સાથે હિંદી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપીને તેમને વિલાયતમાં અભ્યાસ માટેની મંજૂરી મેળવી આપી હતી.

જન્મભૂમિ યાદ આવતાં પંડિતજી કચ્છ આવ્યા. કચ્છ તો એમની માતૃભૂમિ. માતૃભૂમિનાં દર્શન વિના કેમ ચાલે? એમની ભુજની મુલાકાતનો એક રમૂજી પ્રસંગ છે -

શ્યામજીભાઈ જ્યારે ભુજમાં ભણતા હતા ત્યારે ભુજના વકીલ શિવજીભાઈને ત્યાં રહીને અભ્યાસ કરતા અને શિવજીભાઈના ઘરનું કામકાજ કરતા. આથી કચ્છ આવીને એક વાર તો તે શિવજીભાઈને ઘેર ગયા. એ વખતે શિવજીભાઈએ ઘરમાં કહેવડાવ્યું કે પશામજીભાઈ આવ્યા છે, એમને માટે ચા-નાસ્તાનો બંદોબસ્ત કરજો !ફ્ર

આ સાંભળીને પંડિતજી હસી પડયા અને બોલી ઊઠ્યાઃ પશિવજીભાઈ, શ્યામજી કૃષ્ણવર્મા તો હું વિલાયતમાં છું. અહીં તો તમારો ફ્રશામલોફ્ર જ છું. આ દીવાનખાનામાં હું ચા-નાસ્તો લેવાનો નથી. હું તો ઘરની ઓસરીમાં મારાં માજી આગળ બેસીને છાશની તાંસળી સાથે બાજરાનો રોટલો ખાવાનો છું.ફ્ર

અને ખરેખર, પંડિતજી શિવજીભાઈ વકીલના રસોડામાં પહોંચી ગયા. અને ત્યાં માજીને પગે પડીને તેમણે બાજરાનો રોટલો છાશ સાથે જ આરોગ્યો.

ત્રણ મહિના હિંદુસ્તાનમાં રહીને પંડિતજી પોતાનાં ધર્મપત્ની ભાનુમતીને લઈને વિલાયત ગયા. ૧૮૮૫માં તે પાછા હિંદમાં આવ્યા, અને મુંબઈની વડી અદાલતમાં વકીલાત શરૂ કરી. બેરિસ્ટર શ્યામજીને આ સમય દરમિયાન ગોપાલ હરિ દેશમુખની મુલાકાત થઈ, શ્રી દેશમુખ રતલામના દીવાન હતા. થોડા વખતમાં જ તે નિવૃત્ત થવાના હતા. શ્યામજીની બુદ્ધિમત્તા જોઈને શ્રી દેશમુખે રતલામના મહારાજાને એમનો પરિચય કરાવ્યો, અને ખાલી પડતી પોતાની જગાએ એમને લઈ લેવાની ભલામણ પણ કરી. મહારાજાએ આ ભલામણનો સ્વીકાર કરીને શ્યામજીની માસિક રૂપિયા સાતસોના પગારથી રતલામના દીવાન તરીકે નિમણૂક કરી. થોડા જ વખતમાં એમની કામગીરીની કદર કરીને મહારાજાએ એમનો પગાર એક હજારનો કરી દીધો.

ખટપટોથી ઘેરાયેલાં એ વખતનાં દેશી રાજ્યોની દીવાનગીરી કરવી એ તલવારની ધાર પર ચાલવા જેવું મુશ્કેલ હતું. ત્રણ વરસ બાદ એમણે દીવાનપદ છોડ્યું ત્યારે મહારાજાએ એમના કામની કદર કરીને રૂપિયા ૩૧૦૦૦ની બક્ષિસ આપી હતી.

રતલામ છોડી મુંબઈ વકીલાત શરૂ કરી. એ જ અરસામાં ભારતના ક્રાંતિકારી વીર સાવરકર બેરિસ્ટરીના અભ્યાસ માટે વિલાયત જવાની તૈયારી કરી રહ્યા હતા. શ્રી તિલક મહારાજની ભલામણથી પંડિતજી શ્યામજીએ વીર સાવરકરને સ્કોલરશિપની પોતા તરફથી સગવડ કરી આપી, પણ શરત એ કરી કે બ્રિટિશ સરકારની નોકરી કરવી નહિ અને સરકારને કોઈ પણ પ્રકારનો સહકાર આપવો નહિ.

ઈ. સ. ૧૮૯૨માં શ્યામજીની ઉદયપુરમાં વહીવટી કાઉન્સિલના સભ્ય તરીકે મહારાણાએ રૂપિયા એક હજારના પગારથી નિમણૂક કરી. એ જ અરસામાં એમને જૂનાગઢ રાજય તરફથી દીવાનપદ અંગેની દરખાસ્ત મળી. પંડિતજીએ હાથમાં આવેલી આ તક ઝડપી લીધી. જૂનાગઢ રાજ્યના દીવાન તરીકે રૂપિયા પંદરસોના પગારથી એમની નિમણૂક કરવામાં આવી. અહીં પંડિતજી પોતાની કાર્યક્ષમતા અને દક્ષતાથી લોકપ્રિય બની ગયા હતા. ત્યાં એક પ્રસંગ ઊભો થયો.

શ્યામજીનો એક અંગ્રેજ મિત્ર હતો. તેનું નામ હતું મેકોનિક, સનદી અમલદાર તરીકે વડોદરામાં આવ્યો હતો. પણ વડોદરા ન ફાવતાં તે જૂનાગઢ આવવા માગતો હતો. શ્યામજીએ તેને જૂનાગઢ બોલાવી લીધો અને સારા પગારની નોકરી પણ અપાવી દીધી. અહીં અંગ્રેજ તરીકેના એના અભિમાને એને પંડિતજીનો દુશ્મન બનાવી દીધો. એક દેશી અમલદારના હાથ નીચે તેનો તેજોવધ થતો હતો, એટલે પંડિતજીને પાછા પાડવાની ખટપટો અને ષડ્યંત્રો તે ગોઠવવા લાગ્યો. પંડિતજીના અંતરને આથી એક આઘાત લાગ્યો. આ પરિસ્થિતિનું કારણ ભારતની પરાધીનતા છે, એ વાત એમના અંતરમાં વજ્રલેપ જેવી બની ગઈ. આ ગુલામી અવસ્થામાંથી ભારતભૂમિ કેમ મુક્ત થાય તેના વિચારો એમના અંતરમાં ઘેરાવા લાગ્યા. જેમજેમ વખત વધતો ગયો તેમતેમ અંગ્રેજોના ઘમંડ પ્રત્યે એમને અભાવ આવવા લાગ્યો. આ અભાવ આગળ જતાં નફરતમાં ફેરવાઈ ગયો. જે મિત્રનું એમણે ભલું કરેલું એ જ મિત્ર એમનો દુશ્મન બની ગયો. પરિણામ એ આવ્યું કે પંડિતજીને જૂનાગઢની દીવાનગીરી છોડવી પડી.

પંડિતજીનાં ધર્મપત્ની ભાનુમતી પણ અંગ્રેજી, ગુજરાતી અને હિંદી ભાષાનાં જાણકાર હતાં. લોર્ડ ડફરીન જ્યારે પોતાની પત્ની સાથે હિંદુસ્તાનના પ્રવાસે આવ્યા હતા ત્યારે તેમણે ઇંદોરમાં હોલ્કરનાં મહારાણીની મુલાકાત લીધી હતી. એ પ્રસંગે હોલ્કરનાં મહારાણીને અંગ્રેજીમાંથી હિંદીમાં સમજાવવા માટે પંડિતજીનાં પત્નીને ખાસ નોતરવામાં આવ્યાં હતાં.

(વધુ આવતા અંકમાં...)

કચ્છી કવિતા

## પૂજા

કચ્છમેં
ઈ ન્યારીયું તાં આડ઼સજો
પિરમાણ વધારે ડિસાજે;
તેંજો કારણ ઝાડ઼ ઓછા
ઈતરે ઑક્સિજન જો પિરમાણ ઓછો મિલે,
ઈતરે આડ઼સ વધારે થીએ.
બપોરેંજો મુલઈ-મજૂર
તીં ડેરાસરજા પુજારી
ખાઈ-પીને સુમી રેં - રોજજો નિયમ.
હિકડ઼ી ડીં ડેરાસરજી ડેલીતેં
સુતલ પુજારેકે જાગાયને
ગંભારે મિંજા નિકરલ
ભગવાન ચેંતા-
'કેંકે હલણું આય મોક્ષમેં?
આંઉ વિઞાતો'.
પુજારા ચેંતા-
'પ્રભુ, એડે઼ કાડે઼ તતે
હિન ટાણે કેર હલે ?
ભોં, ચોં-ત સાંજીજો હલીં.
સુણીને ભગવાન પાછા ડેરાસરમેં
વિઞીને
ગંભારેમેં વિઈ રૈઆ !!

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'ઢિંચો'માંથી

## ત હથ જલ....

સાંચવેજી ગત વે ત હથ જલ.
નેં વલપજી વસ વે ત હથ જલ.

ઈં મ આડો ન્યાર કર તું કન હિડાં.
ગાલીયેંમેં રસ વે ત હથ જલ.

ભો વડર વસંધલ ખપેંતા મુંધ તેં.
વિજ ગજણજો કસ વે ત હથ જલ.

હી જગત વિંગો હલે આડો કુછે.
તય પ કમમેં જસ વે ત હથ જલ.

છાંઈ તાં કાડ઼ો જ પાર્યો નેં મિલે.

ઠા જ ડીંઘલ તપ વે ત હથ જલ.

છાય ગિનણી વે ત પધરો મટ કર.
ગાલ ગુડ઼ીયલ જપ વે ત હથ જલ.

- ડો.રમેશ ભટ્ટ 'રશ્મિ'.

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૩

# 'કાનજી' ચેં, કુપુત પુતર, વારેં ડે જો ડાટ.

# 'કાનજી' કહે છે કપુત પુત્રે વાળ્યો દેશનો દાટ.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

સતીમાના ઓટલા પર આજે એ વાત ચર્ચાતી હતી કે: 'શીયારે કેર સુખી?, ઉનારે કેર સુખી? નેં વરસારે કેર સુખી?.'

સામતે કહ્યું કે, 'શિયાળે તો જેની પાસે ઓઢવાનું હોય તે સુખી, ઉનાળે જેના આંગણામાં ઝાડ હોય તે સુખી અને ચોમાસામાં જેની પાસે કામ ન હોય તે સુખી. જે આખો દિવસ ઘરમાં પડ્યો રહે અને ભીંજાવવાનું કે શરદી થવાનો સંભવ ન રહે.' આ વાત પર સહુ હસ્યા.

પીપળાના પાન લગભગ ખરી ગયા હતાં, જેથી તે હાડપિંજર જેવો ભાસતો હતો, પવને ખેરવી નાખેલા પાંદડાનું મનદુ:ખ હોય તેમ જોરથી લાગી રહેલા પવનથી તે જરા પણ ઝૂમતો ન હતો. અભેસંગે પટકાને માથા પર દબાવી ગોઠવી દીધું. ગાભો અને મમુ એક બીજાની હાથમસ્તી કરી રહ્યાં હતાં. પચાણભાઇ કંઇક વિચારી રહ્યાં હતાં. અભેસંગે વાતની ફોડ પાડતાં કહ્યું કે: 'સામતે જે વાત કરી તે વાત બંધ બેસતી છે ખરી પણ ! આપણો લોકસાહિત્યકાર એમ કહે છે કે, શિયાળે એ સુખી 'જેંજે ઘર ભાય', અર્થાત્ જેના ઘરમાં બળતણ (લાકડા)નું જોર હોય તે, જેથી અગ્નિ પેટાવી પરિવાર ઠંડીથી રક્ષણ મેળવી શકે અને ઉનાળે એ સુખી 'જેંજે ઘર છાય' જેના ઘરમાં 'છાસ' તે અર્થાત્ જેના ઘેર 'દૂજાણું' હોય, ગાયો ભેંસો દૂજતી હોય અને ચોમાસામાં એ સુખી 'જેંજે ઘર છોબંધ જાય' જેનું ઘર પાકું બનાવેલું હોય તે. (જાય-ભેંણી, મકાન) અહીં લોકકવિએ જવાબનું આલેખન કર્યું છે તે લાજવાબ છે.'

પચાણભાઈએ આ વાતની સાથે પોતાની વાતના તંતુને સાંધતા કહ્યું કે: 'લોકસાહિત્યકાર જે વાત કરવા માંગે છે તેની મૂલવણી અને અર્થની વિભાવનાના જોરે પોતે જે કહેવા માગે છે તે વાત (રચના)ને ઉત્તુંગ બનાવે છે. પિરૂલીના માધ્યમમાં અર્થની વિભાવના મુખ્ય છે.'

એમણે કહ્યું, 'સુણો, હું તમને એક પિરૂલી સંભળાવું છું.

[1]જનેતા [2]મથે જુલ્મ [3]ઉકેં, [4]ડેખારે [5]અવરચંઢે [6]ઓખાત,
[7]કોઠે કપટી કોડ મિંજા, ઇન વેરી કે વતાયં [8]વાટ.
નુગરા નં [9]ચ્યાં [10]સિંસટ ક્યાં, ટેકો [11]ડિનોં [12]ટાટ,
[13]ઉલા [14]સારે લગનીસેં, લિટકાય છડ્યોં લાટ.
[15]ભાંઠા વિધોં [16]ભૂંઢજા, તેર [17]ભા [18]કેંધો ભૂંભાટ,
કાનજી ચેં, કુપુત પુતર, વારેં ડે જો ડાટ.

[1]માતા(માતૃભૂમિ), [2]પર કે ઉપર, [3]કર્યું, [4]બતાવવું, [5]વિટબાંણાઓ ઊભી કરે એવો, [6]મેલી મુરાદની તાકાત, [7]તેડી લઇ, [8]રસ્તો(ગુપ્ત બાતમી), [9]કહ્યું, [10]સધિયારો, [11]આપ્યું, [12]ઉશ્કેરીને માનસિક રીતે સજ્જ કર્યું, [13]મોકો, [14]જોઇ, [15]લાકડીનો પ્રહાર, [16]નિતંબ, [17]તોબા, [18]તેજગતિથી ભાગવું.

આ પિરૂલીનો પ્રકાર સોદાગરી છે, અને તેની ખાણ-જરોજ છે, જેમાં કચ્છમાં થયેલા ઝારાના યુદ્ધની વાતને વણી લેવામાં આવી છે. સંવત ૧૮૧૭ થી ૧૮૩૭ સુધીના સમય ગાળામાં કચ્છની રાજકીય ઉથલપાથલમાં જબરૂં પરિવર્તન આવ્યું. પૂંજાશેઠના ઉપકારથી દબાયેલા વીરાવાવના સોઢાઓએ તેમને આશરો આપ્યો. વીરાવાવમાં રહીને પૂંજાશેઠે કચ્છના વિનાશની યોજનાઓ ઘડવા માંડી, સિંધપતિ ગુલામશાહ કલ્હોરાનો દીવાન ગિધુમલ જે એક લોહાર હતો, તેની સાથે તેણે પત્રવ્યવહાર ચલાવવા માંડયો. એ પત્રોમાં તેણે કલ્હોરા સરદારને કચ્છ અપાવવાની યોજના રજૂ કરી અને પૂર્ણ વિશ્વાસમાં લઇ લીધો.

સિંધમાં સમર્થ બલોચી સાંઇ અહમદશાહના વંશજો કલ્હોરાના નામથી ઓળખાતા હતા. કલ્હોરા સરદાર શાહમિંયા નૂરમહમ્મદ નગરઠઠ્ઠા મુકામે સિંધના સૂબા તરીકે નિયત થયો તેના પછી સિંધની સૂબાગીરી તેના પુત્ર મહમ્મદ મુરાદયાબખાનના હાથમાં આવી. પરંતુ તે પોતાની સત્તા લાંબો વખત ટકાવી શક્યો નહીં. કારણ કે તેના ભાઇઓ અને તેના પિતા વચ્ચે અત્યંત કલેશ જાગી ઊઠ્યો અને એક સામાન્ય વેશ્યાના પેટે પ્રસવેલો પુત્ર ગુલામશાહ સિંધની ગાદીનો માલિક થયો. ગુલામશાહની સત્તા દિવસોદિવસ વધવા લાગી. જ્યારે તેણે જાણ્યું કે પુંજો શેઠ તેને કચ્છ આપવામાં સહાયભૂત બની શકે તેમ છે, ત્યારે તેણે પુંજા શેઠને ખાસ પાલખી અને બક્ષિસો મોકલાવીને પોતાની પાસે બોલાવી લીધો.

ગુલામશાહ અને પુંજો શેઠ બંને પોતપોતાનો સ્વાર્થ સાધવા મથી રહેલા હોવાથી તેમણે કચ્છ પર મોટી ચડાઇ કરવાની યોજના ઘડી લીધી. કલ્હોરા સરદારે થોડા જ સમયમાં મોટું લશ્કર એકઠું કરી અને સિત્તેર હજારની વિશાળ ફોજ સાથે તે કચ્છ પર ચડી આવ્યો.' પચારભાઇએ આગળ ચલાવ્યું.

'આ વાતની સાથે જોડાયેલ આ પિરૂલીમાં અર્થની વિભાવનાની કેટલીક ખૂબીઓની વાત કરવાનો છું. અહીં પ્રથમ પંક્તિમાં 'જનેતા મથે જુલ્મ કેં, ડેખારે અવરચંઢે ઓખાત.' અહીં જનેતા શબ્દ માતૃભૂમિ, જન્મભૂમિના સંદર્ભમાં વપરાયો છે. જ્યારે દ્વિતીય પંક્તિમાં વર્ણસામિપ્ય અલંકાર સુપેરે પ્રયોજાયું છે.

આગળ કવિ કહે છે કે કોડથી વેરીને રાહ બતાવી જે પ્રથમ પંક્તિના શબ્દાર્થ સાથે વાતના તંતુને સાંધતા અવળચંડાએ પોતાની ઓકાત બતાવી અને પંક્તિના દ્વિતીય અને ચતુર્થ ચરણમાં વાતને સ્પષ્ટ કરી છે. અન્ય બંને પક્તિઓમાં પણ વર્ણસામિપ્ય અલંકાર સારી રીતે પ્રયોજાયો છે. સાથે કવિ કાનજી કહે છે કે 'આવા કપૂત પાક્યા જે, ડે અર્થાત્ દેશનો ડાટ વાળ્યો.

પચાણભાઇની રજૂઆત પર સહુ આફ્રિન પોકારી રહ્યાં. પાણી પર તરતો તરવૈયો જેમ પાણીને હડસેલી અને આગળ નીકળે તેમ સૂર્યનારાયણ વાદળાંઓને હટાવી ક્ષિતિજમાં ડૂબકી લગાવવા જઇ રહ્યાં હતાં. આજે બાવાજીએ પણ ચીપિયો વગાડ્યા વગર આરતી ચાલુ કરી દીધી હતી એટલે મનોમન ક્ષોભ અનુભવતા સહુ ભીમનાથ મહાદેવની જય બોલાવી આરતીમાં જોડાવવા ઊઠ્યા.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુક્તક

કવિ-'તેજ'

**સંગ્રહમાંથી**

બીં - જાતે જા માડુ
તેજ' જીયણ મેં જીએં તા !
હિકડ઼ા લુઇ ડીએંતા, નેં
બેઆ લુઇ પીએંતા !

**કચ્છી ચોવક – ૩૧**

**અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)**



### કાજી જી ગોં ગામ જા ખેતર ભેલે.

અજ પુતરા કિતાક નું સુણે આયા વા ઇતરે ડાડાજી કે પુછ્યોં ડાડાજી....,
"કાજી જી ગોં ગામ જા ખેતર ભેલે" ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં ઈ પણ કચ્છી ચૉવક આય. કાજી ઇતરે નીયા (ન્યાય) કઈંધલ. કેં કે પણ નીયા ખપંધો વે ત ગામ વારા નીયા લા કાજી વટે વિઞે. ને ખેતર મેં ઉભે મોલ જી ચોપા સૂથ વારીં તેં કે ખેતર ભેલે ચોવાજે. હિત કાજી જી ગોં જ ખેતર ભેલે ત રાવ કેં કે ડીંણીં? હિન્ધી મેં ચેંતા "સમરથ કો નહીં દોષ ગુસાંઈ." જેં વટે નીયા ગિનેલા વિઞે ઉત કાજી જી જ ગોં વે ત રાવ કેર ડે? બે કેં ક જી ગોં વે ત કાજી નીયા કરે. ઇતરે કાજી જી ગોં જી ધાં નં કા ફુરિયાધ. કડેંક એડ઼ા પિરસંગ ભને તડેં હી ચૉવક જરૂર જાધ કે મેં અચેતી
"કાજી જી ગોં ગામ જા ખેતર ભેલે"

**अज जी चोवक - ३३**

**डारो डीजे, डफारो (डपारो) डीजे,**
**ऊ न भजे त पिंढ भजी वेजे**

**:: ભાવાર્થ ::**

**ધાક-ધમકી દેતાં પણ જો પેલો ન ભાગે તો પોતે જ ત્યાંથી ભાગવું !**
**(ઝઘડા-ટંટાથી દૂર રહેવામાં જ શાણપણ !)**

**:: શબ્દાર્થ ::**

**डारो - डफारो – બીક, ધાક- ધમકી**

**-: સંકલન :-**

**ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી**


**અજ જી ચોવક – ૩૩**
**ડૉ. વિસન નાગડા**
**(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)**

ભારતીય પરંપરા મુજબ મહત્વપૂર્ણ કાર્યો જેવા કે ભૂમિપૂજન, જમીન ખનન, કૂવા ખનન, શિલાન્યાસ, ગૃહપ્રવેશ જેવા પ્રસંગે વાસ્તુદેવની પૂજા કરાય છે. અહીં વાસ્તુ શાસ્ત્રની દષ્ટિએ નિષ્ણાતો દ્વારા ઉપલબ્ધ વિવિધ નિયમોની માહિતી આપીશું. 'વાસ્તુ શાસ્ત્ર' મોટે ભાગે આપણાં વસવાટ તથા વહેવારના સ્થાનોમાં 'વસ્તુઓ' ક્યાં ગોઠવવી તે દર્શાવે છે. આશા છે અત્રે આપવામાં આવતી માહિતી આપને ઉપયોગી નિવડશે. વાસ્તુ શાસ્ત્રને સમજવા દિશાનું જ્ઞાન હોવું જરૂરી છે તેથી ચારે દિશા - પૂર્વ (East), પશ્ચિમ (West), ઉત્તર (North) તથા દક્ષિણ (South) અને ચારે ખૂણા એટલે કે ઇશાન (NE), અગ્નિ (SE), નૈઋત્ય (SW) ને વાયવ્ય (NW) હોકાયંત્રની મદદથી માપીને વાસ્તુશાસ્ત્રને અપનાવવું જોઇએ.

# વાસ્તુશાસ્ત્ર અને રોગો









વાસ્તુશાસ્ત્ર મુજબ પૃથ્વી, જળ, અગ્નિ, આકાશ અને વાયુ અને બ્રહ્મસ્થળ કેન્દ્રન આઠ ખુણાઓને સંતુલિત કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વાસ્તુશાસ્ત્ર એક પ્રાચીન વૈજ્ઞાનિક જીવનશૈલી છે. અશુભ ગ્રહો અને વાસ્તુદોષના કારણે વ્યક્તિને સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

વાસ્તુશાસ્ત્રના દ્વારા કેટલાક અસાધ્ય રોગ જે સમાપ્ત થતા નથી પરંતુ ફક્ત દવાઓથી નિયંત્રિત થાય છે એવા રોગોનો સંપૂર્ણ નાશ કરી શકાય છે. વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ મહાભારત, રામાયણ, મત્સ્યપુરાણ વગેરેના મહાકાવ્યોમાં પણ જોવા મળે છે.

પ્રાચીન કાળમાં મંદિર, પ્રાંત, વસાહતો, શહેરો વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો અનુસાર બનાવવામાં આવ્યા હતા અને તેથી જ લોકો વધુ ખુશ હતા.

વાસ્તુના સિદ્ધાંતોનું પાલન કરીને બનાવેલા ઘરમાં રહેતા જીવોને સુખ, શાંતિ, આરોગ્ય, સમૃદ્ધિ વગેરે મળે છે. જ્યારે, વાસ્તુના સિદ્ધાંતોની વિરુધ્ધ બનેલ મકાનમાં લોકો ઘણી વખત મુશ્કેલીઓનો અનુભવ કરે છે. વાસ્તુશાસ્ત્ર એ પ્રકૃતિની ઊર્જાશક્તિઓને સમગ્ર માનવજાતિ સુધી પહોંચાડવા માટે ભગવાને આપેલ ઉપહાર છે.

વાસ્તુના સિદ્ધાંતો અનુસાર મકાન લેવાથી તે સ્થાને રહેતા લોકોને કુદરતી અને ચુંબકીય ઊર્જા તથા સૂર્યના કિરણોની શુભ અને સકારાત્મક અસર લોકોની જીવનશૈલીના વિકાસમાં મદદ કરે છે.

પૃથ્વી પર પાંચ તત્વોનું સંતુલન સતત રહે છે તેથી જીવન શક્ય છે. પ્રકૃતિના કાયદાઓ વિરુધ્ધના આપણા વર્તનથી આપણે સમસ્યાઓ અનુભવીએ છીએ.

વાસ્તુશાસ્ત્રના નિયમો મુજબ ડાયાબિટીસના રોગમાં દક્ષિણ-પશ્ચિમમાં ભૂગર્ભજળ ટાંકી અથવા પાણીના બોરિંગ બનાવવાથી ડાયાબિટીસ વધે છે. વાસ્તુ શાસ્ત્રમાં તે ખૂબ સ્પષ્ટ છે કે ઘર/મકાનનો દક્ષિણ પશ્ચિમ ખૂણો ઘણાં રોગનું કારણ બને છે. આ ખૂણામાં લીલોતરીનો બગીચો અથવા નાના છોડ પણ મધુમેહનું એક કારણ બને છે.

દક્ષિણ દિશામાં જો તમારું બાથરૂમ હશે તો તેનાથી આંખોના રોગો થવાની સંભાવના રહે છે. બની શકે તો તેનો ખૂણો બદલાવવો. જોકે તેની અસર ઓછી કરવા બાથરૂમના દરવાજા પર તાંબાનું પાન લગાડવાથી રાહત મળી શકે છે.

ઘરના મુખ્ય દરવાજાની સામે કેકટસ કે કોઇ કાંટાવાળો છોડ હશે તો તે તમારા માટે માનસિક સમસ્યાનું કારણ બની શકે છે.

# યોગ ભગાવે રોગ

ઓરીજીનલ યોગના આસનો શીખો આસાન રીતે (દામુ શુક્લના પુસ્તકમાંથી સાભાર)



## શવાસન

આ આસનમાં મુડદાની જેમ શાંત થઇને પડયા રહેવાનું હોવાથી તેને શવાસન કહે છે. શવ એટલે મુડદું. જેમ ઘણા માણસે એકલું શિર્ષાસન કરીને તંદુરસ્તી સાચવી શકે છે, તેમ એક પણ આસન ન કરી શકનાર માણસ શવાસન કરીને ઘણો ફાયદો મેળવી શકે છે. જેને અંગ્રેજીમાં છ્યહફ્ક્ઝશિંજ્ઞક્ષ કહે છે તે આ આસનથી સારામાં સારી રીતે મેળવી શકાય છે. આખો દિવસ દોડધામ કે મગજનું કામ કરનાર માણસ સાંજે ઘેર આવીને આ આસનમાં થોડી મિનિટો પડયો રહે તો ઘણી શાંતિ મળે છે.

બધાં આસનો પછી આ આસનને એટલા માટે મુકવામાં આવ્યું છે કે બીજાં આસનોથી લાગેલો શ્રમ એનાથી નિર્મૂળ થઇ જાય ને માણસ તાજગીપૂર્ણ સ્વસ્થતા સાથે આસનને વ્યાયામ પૂરો કરી શકે.

તદન શાંત થઇને આસન પર ચત્તા સુઇ જાઓ. પગ પાસે પાસે અને અંગૂઠા ઊંચા રહે તેવી રીતે રાખો. હાથને પાસાની બાજુમાં રાખો. આવી રીતે સૂઈએ કે તરત બધા સ્નાયુઓ કંઈક ઢીલા પડે છે. ત્યારબાદ નીચેના ભાગથી શરૂઆત કરી આંતરિક દષ્ટિએ જાણે હૃદયને, ફેફસાંને, પેટને, લીવરને ને અંદરના અવયવોને શાંત થતા જતા હોઇએ એવી ભાવના મનમાં કરવી. એમ કરતાં પગની આંગળીઓ સુધી જવું. આખું શરીર એ પ્રમાણે શાંત થાય એટલે મગજને શાંત કે રીલેક્સ કરવું. આવી રીતે આખા શરીરને એક-બે મિનીટમાં શાંત કરીને તદન નિશ્ચેતન અવસ્થામાં પહોંચી જવું એટલે શવાસાન થાય. આ સ્થિતિમાં કોઈ આપણે હાથ ઊંચકે તો ઊંઘમાં એ હાથ નીચે પડે તેમ પડવા દેવો.

આ આસન કરતાં ઊંઘ આવી જવાની સંભાવના હોય છે એટલે આ આસન છે અને તે કરતાં ઊંઘાય નહિ એટલી તકેદારી રાખવી. આ આસનમાં આંખો સામાન્ય રીતે બંધ રાખવી અને શરીર સાથે મનની પ્રક્રિયા પણ શાંત પાડવી. જો તન સાથે મન પણ શાંત કેમ રાખવું તે તમે કરી શકશો તો માત્ર ૨-૩ મિનીટમાં શરીર રીલેક્સ એટલે કે શાંત થઇ જશે.

આ આસનથી શરીરના દરેક કોષ અને જ્ઞાનતંતુને આરામ મળે છે. આ આસનથી હાઇ બ્લડ પ્રેશર તથા માનસિક રોગો પર ખૂબ જ સારી અસર પડે છે.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદભૂત ખજાનો

આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા
અહીં ક્લિક કરો

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## વાગડનું ઘુડખર અભ્યારણ્ય



કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસર પાસે આવેલ વરણુ ગામ પાસેથી કચ્છનું નાનું રણ શરૂ થાય છે જ્યાં 'ઘુડખર અભ્યારણ્ય' આવેલ છે. પૂર્વ કચ્છમાં આડેસર, વરણુ, પલાંસવા ખાતે પ્રવાસીઓ માટે રહેવા, જમવા તેમજ ગાઇડની વ્યવસ્થા કરવામાં આવે તો પૂર્વ કચ્છમાં પ્રવાસન ક્ષેત્રે ઘણી સંભાવનાઓ છે. વાગડ વિસ્તારમાં પ્રવાસનને વેગ મળે તેવા ઘુડખર અભ્યારણ્ય, હડપ્પીય સાઈટ સુરકોટડા, કાનમેર, પાબુમઠ વગેરે આવેલ છે. હાલમાં ઘુડખરની સંખ્યા વધતા નાના રણને પેલે પાર એટલે કે પાટડી, ઝીંઝુવાડા વગેરે વિસ્તારોમાં ઘુડખરને લઇને પ્રવાસન વિક્સેલ છે, રિસોર્ટ બન્યા છે  તથા પ્રવાસીઓ પણ સારી એવી સંખ્યામાં આવે છે તેમ જ પૂર્વ કચ્છમાં થઇ શકે તેમ છે.

ભારતીય જંગલી ગર્દભ (ઇક્વેસ હેમિઓનસ ખુર), જેને સ્થાનિક ગુજરાતી ભાષામાં ઘુડખર કહીએ છીએ તે દક્ષિણ એશિયામાં રહેતા વંશની પેટાજાતિ છે. ભારતીય જંગલના હાલમાં આઇયુસીએન દ્વારા સૂચિબદ્ધ છે. ડિસેમ્બર ૨૦૧૪ માં તેમની વસ્તી ૪,૪૫૧ હોવાનો અંદાજ છે પણ વસ્તી હજી વધી રહી છે. ભારતીય જંગલી ગર્દભ તેમની અન્ય એશિયન જંગલી ગધેડા કે આફ્રિકન જંગલી ગધેડાની પેટાજાતિઓથી તદ્દન અલગ છે. ભારતીય જંગલી ગધેડાઓ પશ્ચિમ ભારત, પાક.માં સિંધ અને બલુચિસ્તાન, અફઘાનિસ્તાન અને ઇરાન સુધી ફેલાયેલા હતા પણ આજે તેમનું અંતિમ સ્થાન કચ્છનું નાનું રણ છે જ્યાં સુરક્ષિત 'ઘુડખર અભ્યારણ્ય' છે. જો કે આ પ્રાણી સુરેન્દ્રનગર, બનાસકાંઠા, મહેસાણા અને અન્ય કચ્છ જિલ્લાઓમાં પણ જોવા મળે છે. ક્ષારયુક્ત રણ, શુષ્ક ઘાસના મેદાનો, ગાંડા બાવળના ઝાંડી ઝાંખરા વગેરેમાં રહેવાનું તેઓ પસંદ કરે છે.

તાજેતરનાં વર્ષોમાં ઘુડખરની સંખ્યા વધતા તેમના કેટલાક સમુહો કચ્છના નાના રણથી ધીમે ધીમે મોટા રણ તરફ સ્થળાંતર થયા છે. ઉપરાંત અન્ય પડોશી જિલ્લાઓ તથા રાજસ્થાનના જાલોર જિલ્લામાં પણ તે જોવા મળે છે એટલે મહેસૂલ વિભાગ દ્વારા  રણનો ૬૦ કિ.મી. જેટલો વિસ્તાર રાજસ્થાન વન વિભાગને ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. ભારતીય જંગલી ગધેડાઓ આખો દિવસ ચરતા જોવા મળે છે. ભારતીય પ્રાણીઓમાં સૌથી ઝડપી દોડતું ઘુડખર છે. જેની ગતિ લગભગ ૭૦ - ૮૦ કિ.મી.ની પણ જોવા મળે છે.

ઘુડખર કાં તો એકાંતમાં જીવે છે અથવા મોટા ટોળાંમાં રહે છે. તેમની સંવનન ઋતુ વરસાદમાં હોય છે. ઘૂડખર બચ્ચાને જન્મ આપ્યા બાદ ૧-૨ વર્ષની ઉંમરે દૂધ છોડાવી દે છે અને માદા પરિવારના ટોળા સાથે રહે છે. ભારતના મુગલ સમ્રાટો અને ઉમરાવોએ તેનો શિકાર કરવામાં ખૂબ આનંદ લીધો હોવાના ઉલ્લેખ છે. ઘુડખર પર ગોળીબાર કરતા અકબરનું એક ચિત્ર જોવા મળે છે.

૧૯૫૮-૧૯૬૦ દરમિયાન ઘુડખર માખીઓ દ્વારા સંક્રમિત થતા સુરા નામની બીમારીનો શિકાર બન્યા હતા. જેના કારણે તેમની વસ્તીમાં ઘટાડો થયો. ઇ.સ. ૧૯૬૧માં નવે.માં ઘુડખરની વસ્તી ફક્ત ૮૭૦ જેવી થઇ ગઇ હતી. ત્યારબાદ વન વિભાગના પ્રયત્નોથી તેમની વસ્તી ૪૦૦૦ ઉપરાંત થઇ છે. એક સમયે ઘુડખર ઉત્તર પશ્ચિમ ભારત, પાકિસ્તાન, તેમજ જેસલમેર, બિકાનેર, સિંધ અને બલુચિસ્તાનમાં જોવા મળતા હતા. આજે ફક્ત કચ્છના નાના રણ પૂરતા સીમિત થયા છે.

ઘુડખરની પ્રથમ વસ્તી ગણતરી ૧૯૪૦ માં કરવામાં આવી હતી, ત્યારે આશરે ૩,૫૦૦ ઘુડખર હતા. ત્યારબાદ ૧૯૬૦ સુધીમાં આ આંકડો ઘટીને માત્ર ૩૬૨ થઇ ગયો હતો જે ખૂબ જ જોખમી જાતિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા બાદ ઇ.સ.૧૯૭૩ અને ઇ.સ.૧૯૭૬માં કચ્છ અને આજુબાજુનો રણ વિસ્તાર આ પ્રજાતિના સંરક્ષણ માટેનો વિસ્તાર જાહેર કરાયો હતો.

ઇ.સ. ૧૯૭૬થી વન વિભાગે જંગલી ગધેડાની વસ્તી ગણતરી હાથ ધરી. આ વિસ્તારમાં પાણીના સ્ત્રોતો વધારવામાં આવ્યા અને વનવિભાગ દ્વારા ઘાસચારાનો પ્રોજેક્ટ પણ શરૂ કરવામાં આવ્યો.

વન વિભાગ દ્વારા કરવામાં આવેલી તાજેતરની વસ્તી ગણતરીમાં બહાર આવ્યું છે કે રાજ્યમાં જંગલી ગધેડાની વસ્તી વધી છે અને ૨૦૦૪ ની સરખામણીએ ૩.૩૩% નો વધારો થયો છે. ઘુડખર હવે કચ્છના નાના રણના વિસ્તાર ૪,૯૫૩.૭૧ કિ.મી.ના વિસ્તાર સુધી જ મર્યાદિત નથી, પરંતુ તે હવે અમદાવાદ પાસે નળ સરોવર, કચ્છમાં બન્નીના ઘાસના મેદાનો પાસે કાળા ડુંગર સુધી જોવા મળે છે. ગુજરાતમાં રાજકોટ, પાટણ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા જિલ્લાઓમાં જોવા મળે છે. ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના રિપોર્ટમાં જણાવેલ કે રાજસ્થાનમાં પણ ઘુડખરની પુનઃ સ્થાપના કરીને ત્યાં પણ વૈકલ્પિક સ્થળ વિકસિત કરવામાં આવે તો તે સ્થળે પણ એક નવું અભ્યારણ બની શકે તેમ છે.

## ફોટો બોલે છે... ૨૫

Photo by Satish Shanischara, Mandvi.
M: 9925169693
Story by Navin Patel.



કલાકાર અને કારીગર બન્ને એક જ પૈડાંની બે બાજુઓ છે. કલાકાર કારીગીરીમાં માહિર હોય તો સફળતા મેળવે છે અને કારીગરમાં કલાકારી હોય તો તે બધાથી અલગ પડે છે. ગળથુથીમાંથી મેળવેલ પરાંપારિક કલાઓ જે કારીગરોમાં વસે છે તેમને હંમેશા સફળતા અને નામના મળે છે એ જ એમની જીવનની મૂડી હોય છે. આવા લોકો હંમેશા દેવી સરસ્વતીની પૂજા કરતા હોય છે તેમના માટે લક્ષ્મી ખાસ મહત્વ ધરાવતી નથી કેમ કે સરસ્વતીની આરાધનાથી જ તેમને જરૂરીયાત પૂરતી લક્ષ્મી મળી જતી હોય છે. તેમને ખબર છે કે ગમે તેટલી લક્ષ્મી આવશે પણ તેમની સાધના કે કલાની તોલે આવી શકે નહીં. કદરદાન હંમેશા કલાના હોય લક્ષ્મીના તો વાહ-વાહ કરનાર જ મળે.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
નો આગામી અંક
શનિવાર તા. ૨૮.૭.૨૦૨૫ના
અષાઢી બીજ વિશેષાંક
માં કલરફૂલ જાહેરખબર આપો :
પા પાનું - રૂા. ૫૦૦/- ફક્ત (Size : 12.5 x 15 cms)
અડધું પાનું - રૂા. ૧,૦૦૦/- ફક્ત (Size : 25 x 15 cms)
આખું પાનું - રૂા. ૨,૦૦૦/- ફક્ત (Size : 25 x 30 cms)
For more info: Contact: 9377124582



## શું તમે જાણો છો ?

# ભારતની કેટલીક ચલણી નોટોમાં સ્ટાર










ભારતની ચલણી નોટોમાં તમને ધ્યાન ગયેલ હોય તો ક્યારેક કેટલીક ચલણી નોટોમાં નંબરની સાથે સ્ટારની નિશાની છપાયેલ હોય છે. તેનો ખરેખર અર્થ શું છે તે તમને ખબર છે ? તો ચાલો આ પ્રશ્નનો જવાબ મેળવીએ **RBI** પાસેથી.

ભારતીય નોટના સીરીયલ નંબરમાં ક્યારેક સાથે સ્ટાર છપાયેલ હોય છે તે **RBI** દ્વારા જ છાપવામાં આવે છે અને તે એક પ્રકારની ખાસ નિશાની છે. જો કે તેનો અર્થ એ નથી કે તે નકલી નોટ છે કે તેમાં કંઇક ગરબડ છે. તે નિશાની ખોટી છાપેલી નોટનો વિકલ્પ છે અને **RBI** તેની પુષ્ટિ કરે છે કે આ નોટો માન્ય છે અને છેક ૨૦૦૬ થી ચલણમાં ફરતી રહેલી છે.

હવે તમને શોધજો અને આવી ભારતીય નોટના સીરીયલ નંબરમાં સ્ટાર સિમ્બોલ (★) હોય તેને ગોતજો. જો કે કદાચ તમારા વોલેટમાં પણ ગોતતા આવી કેટલીક નોટો પર આ નિશાની દેખાઇ જશે. પરંતુ તેનો ખરેખર અર્થ શું છે ? શું તે સૂચવે છે કે નોટ ખાસ છે અથવા કદાચ તેનું મૂલ્ય વધારે છે ?

તમને ખ્યાલ જ છે કે દરેક ભારતીય નોટનો એક અનોખો અલગ સીરીયલ નંબર હોય છે, જે તેને એક અલગ ઓળખ આપે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા **(RBI)**, જે ભારત દેશમાં ચાલતા ચલણને છાપીને બહાર પાડે છે કે વ્યવહારમાં લાવે છે. તે લોકોને અસલી અને નકલી નોટો વચ્ચે તફાવત કરવામાં પણ મદદ કરે છે. અનેક સુરક્ષા પગલાં લેવા છતાં નકલી ચલણ વ્યાપકપણે ફરતું રહે છે, જેના કારણે **RBI** તરફથી નિયમિત સલાહ આપવામાં આવે છે.


હવે વાત કરીએ આ નિશાનીની તો સીરીયલ નંબરમાં સ્ટારની હાજરીનો અર્થ એ નથી કે નોટ નકલી છે. જ્યારે કોઇ નોટ રદ કરી તે જ નંબરની નવી નોટ છપાય ત્યારે આ 'બદલી નોટ' દર્શાવવા માટે સ્ટાર માર્કનો ઉપયોગ થાય છે. જ્યારે ૧૦૦ સળંગ છાપેલી નોટોના બેચમાં કોઇક ભૂલ જોવા મળે છે, ત્યારે ખામીયુક્ત નોટ દૂર કરવામાં આવે છે અને તેના સીરીયલ નંબરની મધ્યમાં સ્ટાર ધરાવતી નોટ તેની જગ્યાએ છાપવામાં આવે છે. આમ આ સ્ટાર ખામીયક્ત નોટનું રીપ્લેશમેન્ટ હોય છે.

આ 'સ્ટાર નોટ્સ' સંપૂર્ણપણે કાયદેસર છે અને કોઇપણ અન્ય ચલણની જેમ તેનો ઉપયોગ કરી શકાય છે. હા, કદાચ આવી નોટોના કોઇ શોખીન સંગ્રહકારો કે ક્લેક્ટર માટે તેનું મહત્વ કદાચ વધી જાય તો કહેવાય નહીં. સામાન્ય રીતે, દરેક ૧,૦૦૦ નોટોમાંથી ફક્ત ૧૦૦ નોટોમાં આવું પ્રતીક હોઇ શકે. તેમાં સ્ટાર સિવાય કોઇ ખાસ સીરીયલ નંબર નથી અને ૨૦૦૬ થી જ્યારે **RBI** એ ખોટી છાપેલી નોટોને બદલવા માટે ઔપચારિક રીતે આને રજૂ કરી ત્યારથી તે ચલણમાં છે.

(ઇન્ટરનેટ પરના વિવિધ લેખો તથા રિઝર્વ બેંકની વેબસાઇટ પરથી)

## જાણો અને અપનાવો ...

# તમારી પાણીની બોટલ અને સ્વાસ્થય



પાણીની સારી બોટલ સાથે રાખવાથી તે તમને હાઇડ્રેટેડ રાખવામાં મદદ કરે છે. પાણીની સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો વપરાશ પણ ઘટે છે અને પાણી રિફિલ કરી તમે બચત પણ કરી શકો છો.

પુખ્ત વયના લોકો દરરોજ મીનીમમ આઠ ગ્લાસ પાણીનો ઉપયોગ કરે એ એક ઉત્તમ વિચાર છે, પરંતુ શું તમે જાણો છો કે તમારી રિફિલ કરી શકાય તેવી બોટલ તમારા સ્વાસ્થ્ય માટે સંભવિત રીતે હાનિકારક હોઈ શકે છે ?

આજકાલ આપણે જોઇએ છીએ કે દરેક જણ અને ખાસ કરીને યુવાઓ પોતાની અલગ પાણીની બોટલ રાખતા હોય છે. તેમાં જે પાણી ભરાય તે સામાન્ય રીતે શુદ્ધ પાણી જ હોય અને તે ફક્ત તમારા પોતાના મોંના સંપર્કમાં આવે તેથી તેને વારંવાર સાફ કરવાની જરૂર નથી એવી માન્યતા બધા ધરાવે છે.

આ બાબતે થયેલ સંશોધનો જણાવે છે કે જ્યારે પણ તમે બોટલમાંથી પાણી પીવો છો, ત્યારે તમે તમારા મોંમાંથી બેક્ટેરિયા તેમાં ટ્રાન્સફર થતા હોય છે જે બોટલમાં દાખલ થયા બાદ કદાચ અનેક ગણા વધી જતા હોય છે.

જો તમે તમારી પાણીની બોટલને વારંવાર પૂરતી ન ધોતા હોવ તો શું થાય છે તે જાણીએ.

એક અભ્યાસ મુજબ રીયુઝેબલ પાણીની બોટલમાં અસંખ્ય સુક્ષ્મ બેક્ટેરિયા હોય છે. જો તમે તમારી બોટલને નિયમીત સમયે ધોઇને રિફિલ કરો ત્યારે તમે તેના કારણે પેદા થતા દૂષણોથી બચી શકો છો.

પુનઃ ઉપયોગી થતી આવી બોટલ પર આપાસની ગંદકી, ધૂળને કારણે બેક્ટેરિયા એકઠા થવાની સંભાવના રહે છે. બીજી હકીકત એ છે કે પાણીની બોટલ ભેજવાળી હોવાને કારણે બેક્ટેરિયાના સંવર્ધન માટે આદર્શ વાતાવરણ બનાવે છે. બોટલની ડિઝાઇનની તિરાડો, સ્ક્રુ ટોપ કે ફ્લિપ-અપ સ્ટ્રો વગેરે સ્થાનોમાં જીવાણુઓને આશ્રય મળી શકે છે.

બોટલને તમે જીમ બેગ રાખો છો કે અન્ય કોઇ વસ્તુમાંથી બેક્ટેરિયા તમારા હાથમાંથી બોટલમાં ટ્રાન્સફર થઇ શકે છે. તમે અન્ય વસ્તુઓ સ્પર્શ કરો છો તેને કારણે પણ તે બેક્ટેરિયા તમારા હાથમાં લાગીને મોઢા દ્વારા તમારા શરીરમાં પ્રવેશી શકે છે.

આમ તો બોટલમાં સામાન્ય બેકટરીયા હોઇ શકે જે સામાન્ય રીતે આપણી સાથે સહજીવનમાં રહેતા હોય છે પરંતુ હવામાનના ફેરફારને કારણે તે વિવિધ સમસ્યાઓનું કારણ બની શકે છે. મોટે ભાગે ધોયા વગરની પાણીની બોટલને કારણે થતા સામાન્ય બેક્ટેરિયા તમને યુરીનલ કે વાયરલ ઈન્ફેક્શન તરફ દોરી શકે છે.

આના માટે તમારે તમારી પાણીની બોટલને દરેક ઉપયોગ પછી સારી રીતે ધોવી જોઇએ. આને કારણે તમારા બીમાર થવાના ચાન્સ ઘટી જાય છે. જો તમે કોઇ ડીટરજન્ટ અને ગરમ પાણીથી ધોઇ શકો તો તે ઉત્તમ છે, સાથે સ્ક્બર કે બ્રશ વાપરી શકો છો.

જો તમે તેને સાફ કરવામાં આળસ કરી હોય તો બોટલને વિનેગરવાળા પાણીમાં આખી રાત પલાળી સવારે બરોબર સાફ કરી સૂકવીને તેનો ઉપયોગ કરો તે સલાહનીય છે.

'વીણેલાં ફૂલની ફોરમ' ના લેખક એટલે કે 'હરિશ્ચંદ્ર' એટલે કે બે સ્ત્રીઓ – ચંદ્રકાન્તા અને હરવિલાસ. બન્ને વિનોબાજીની શિષ્યાઓ તથા ભારતભરના લેખકોની સુંદર વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરનારી. આ વાર્તાઓને આપણા સુધી પહોંચાડનાર એટલે વર્ડપ્રેસના બ્લોગર અતુલ જાની (આગંતુક)ના પણ આપણે ખૂબ આભાર છીએ.

'વીણેલાં ફૂલની ફોરમ'
લેખક–હરિશ્ચંદ્ર

# ગાજરની ચાલમાં

(અરૂણા રાવની મરાઠી વાર્તાને આધારે)

ગાજરની ચાલમાં ફ્રીજ આવે છે, તે વાત વાયુ વેગે પ્રસરી ગઇ. અહીં ચાલીના એક છેડેથી બીજે છેડે વાત તત્કાળ પહોંચી જાય. અને કોઈ ચીજ તમે છાનીમાની ઘરમાં ન લઈ આવી શકો. ઝોળીમાં નાખીને લાવ્યા હો કે કાગળમાં વીંટીને, અનેક ચબરાક નજરો તેનો તાગ લઈ લે. કેટલાક તો સીધું પૂછી લે, શું લાવ્યા ? ફ્રીજ તો નાની સૂની ચીજ થોડી હતી ? ખાસ્સા ચાર મજૂરો માથે ઊંચકીને લાવેલા. તેમાંના એકે પસીનાથી ભીની થયેલ ચિઠ્ઠી બતાવી. અક્ષરો થોડા પ્રસરી ગયેલા. એક જણે મહેનત કરીને ઉકેલી કે.વી.સાઠે ગા જ ર.... બિલ્ડીંગ. 'ભઈ, બિલ્ડીંગ નહીં, આ તો ચાલ છે. પણ કે.વી. સાઠે બરાબર. કેશવ વિનાયક સાઠે અને ત્રીજે માળે પણ બરાબર.'

મજૂરો ફ્રીજ લઇ દાદર ચઢવા લાગ્યા. પણ તે પહેલાં વાત બધે પહોંચી ગઈ. કેટલાક છોકરા દોડીને કેશવ વિનાયક સાઠેને વધામણી દઈ આવ્યા, 'કાકા, તમારે ત્યાં ફ્રીજ આવી રહ્યું છે.'

સાઠે છાપું મૂકી ઊભા થઈ ગયા. કમલાબાઈ સુરણ સમારતાં હતાં. ચપ્પુ સુરણમાં જ રહી ગયું ને, 'હેં ફ્રીજ ! આપણે ત્યાં ?' કહેતાં મોઢું પહોળું થઈ ગયું !

થોડીવારે કળ વળી, ત્યારે બોલ્યાં, 'મારા અરૂણે જ મોકલ્યું હશે. આ વખતે આવ્યો, ત્યારે મારાથી બોલાઇ ગયું'તું કે આટલા તાપમાં આવા પાણીથી સંતોષ ક્યાં થાય છે ? ફ્રીજ હોય તો !'

'સરપ્રાઈઝ આપવા માગતો હશે, એટલે લખ્યું નથી. આવતા મહિને આપણાં લગ્નની રજત જયંતી છે ને !'

પતિ-પત્ની હજી હરખ માણી રહ્યાં હતાં, ત્યાં ફ્રીજ આવીને બારણામાં ઊભું રહ્યું, 'આને ક્યાં રાખવું છે ?'

બંને હાંફળાં-હાંફળાં થઇ જગ્યા શોધવા લાગ્યાં. ખોબા જેવડા રસોડામાં તો આ હાથી ક્યાં રહે ? બહારના રૂમમાં જ રાખવું પડશે. પરંતુ અહીં પણ જગ્યા ક્યાં છે ? છેવટે ટેબલ એક બાજુ ખેંચી ત્યાં ફ્રીજ મુકાવ્યું. ધડાધડ ટેબલ ખસેડતાં તેના પરની ફૂલદાની પડીને ફૂટી ગઈ. તેના પાણીએ નીચે પડેલ છાપાને પલાળી નાખ્યું.

મજૂરોના હાથમાં દસની નોટ મૂકી, તે એમણે ફેંકી જ દીધી ! 'આટલી કિંમતી ચીજ અને ત્રીજો માળ !' રકઝક કરતાં છેવટે ૫૦ રૂપિયા લઈને ગયા.

તેટલી વારમાં રૂમ તો અડોશી-પડોશીથી ભરાઇ ગયો હતો.

'છે તો ખાસ્સું મોટું, હં !'

'આ જોયું ? અંદર તો જાણે ખાસ્સો કબાટ છે !'

'હવે ચાલીમાં કોઈ પડી-બડી ગયું તો બરફ લેવા બહાર નીચે નહીં દોડવું પડે.'

ત્યાં તે 'વિશ્વ સાઠે' કહેતોક કંપનીનો માણસ આવ્યો. બધાં બાજુ ખસી ગયાં. તેણે પ્લગ નાખી ફ્રીજ ચાલુ કર્યું. અંદરથી આઈસ-ટ્રે કાઢી પાણી ભરી લાવવા કહ્યું.

બે છોકરા દોડ્યા. 'આમાં શાક ક્યાં રાખવું ?' 'દૂધ ક્યાં રાખવું ?' 'શરબતના બાટલા ?' 'વધ્યું-ઘટ્યું ખાવાનું ? બધાએ એક પછી એક પૂછી લીધું.

તેના ગયા પછી સાઠે દંપતી વિમાસણમાં પડ્યું. આજે ઘરમાં તો ન કોઇ શાક છે, ન કોઇ ફળ. પાણી માટે ખાલી બાટલોયે નથી. ફ્રીજમાં મૂકશું શું ?

સાઠે ટોપી પહેરી, ઝોળી લઇ ખરીદી કરવા નીકળ્યા. એ આવે તે પહેલાં તો સહુ પોતપોતાના ઘરમાંથી નવા ફ્રીજમાં મૂકવા કાંઇ ને કાંઇ લઇ આવ્યું. શાકભાજી, પાણીનો લોટો, સોડા વોટરની બાટલી, અળુનાં પાન, વાટકીમાં દૂધ... બાજુવાળાની ટેમલી તો પેન્સિલનું રબર મૂકી ગઈ. તેને ઠંડું કરીને પોતાના ગાલે લગાડવું હતું ! અને તોય કાશીબાનું ફણસ રહ્યું. 'બાઈ મારા એક ફણસ માટે જ જગ્યા ન રાખી !'

સાઠે શાક ને ફળોથી છલોછલ ઝોળી લઇ આવ્યા ત્યારે ફ્રીજ ઠસોઠસ ભરેલું. વધારાની એક વસ્તુ મૂકવા જગ્યા નહીં. એમનાથી બોલાઇ ગયું, 'આ તે સાર્વજનિક ગોદામ છે કે શું ?!'

તે જ વખતે કંપનીનો માણસ બારણે આવી ઊભો, 'માફ કરજો, સાઠે સાહેબ ! અમારી ભૂલ થઇ ગઇ. કે.વી.સાઠે એટલે તમે નહીં પણ કેપ્ટન વિશ્વનાથ સાઠે. સામેના બિલ્ડિંગમાં ત્રીજે માળે. ગાજર નહીં, ગજ્જર બિલ્ડિંગ !'

કેશવરાવ-કમલાબાઈ અવાક થઈ ગયાં. પતિ-પત્નીએ મળીને બધી વસ્તુ કાઢી ફ્રીજ ખાલી કર્યું. મજૂરો તે ઉપાડીને લઇ ગયા. આડોશી-પાડોશી તો બધાં સૂનમૂન. એક-એક આવીને ચૂપચાપ પોતાની વસ્તુ લઇ ગયા. ત્યાં ટેમલી ભેંકડો તાણતી આવી, 'મારું રબ્બર ફ્રિજમાં ગયું !' એની મા આવી તેને પટાવીને લઇ ગઇ. 'આપણે નવું લઇ આવીશું, હોં કે !'

રૂમમાં સન્નાટો છવાઇ ગયો. કેશવરાવ ખિન્ન મને પલળેલું છાપું લઇને બેઠા ત્યારે એમની નજર સામે તૂટેલી ફૂલદાની ને પચાસ રૂપિયા દેખાતા રહ્યા. કમલાબાઇ મૂંગે મોઢે સુરણ પૂરું કરવા બેઠાં. કાંઈ વાત કરવાનું કોઇને મન નહોતું થતું.

તેવામાં ટપાલી કાગળ આપી ગયો. વાંચતાં કેશવરાવ મલકી ઊઠ્યા. 'સાંભળે છે ! અરૂણનો કાગળ છે.' આમ તો ઝૂંટવીને દીકરાનો કાગળ પોતે જ પહેલો વાંચે તે કમલાબાઇ આજે 'ઊંહું !' કરીને બેઠાં રહ્યાં.

પણ કેશવરાવથી ન રહેવાયું. ઉત્સાહભેર રસોડામાં આવી વાંચવા લાગ્યા, 'તમારાં લગ્નની રજત જયંતીએ અમે તમને ફ્રીજ લઇ આપવાનું નક્કી કર્યું છે. તમને કઇ કંપનીનું જોઇએ ? આપણા નાકા પર જ દુકાન છે. ત્યાં જઇને પસંદ કરી આવજો ! અને મને લખજો.'

તોય કમલાબાઇ સમારતાં રહ્યાં. કોઇ રસ ન બતાવતાં બોલ્યાં, 'બળ્યું તમારું ફ્રીજ ! મારે નથી જોઇતું.'



# ચલતે... ચલતે...

એક બહેને ૨ કલાક જુદા જુદા ચપ્પલ ટ્રાય કર્યા...

છેવટે કહે કે 'હા, આ બરાબર છે, આપી દો.... કેટલા રૂપિયા..?'

દુકાનદારે કહ્યું, 'એમને એમ લઈ જાવો, એ તમે પહેરીને આવેલા ઈ'જ છે.'

પત્નીઃ સાંભળો છો. આવતી કાલે મારી મમ્મી આવવાની છે.'

પતિઃ 'સારું. પણ સાથે તારા પપ્પા આવવાના છે કે નહીં ?'

પત્નીઃ 'આવું કેમ પૂછી રહ્યા છો ?'

પતિઃ 'એ હોત તો રસોઈકામમાં મને થોડી મદદ મળી જતે !'

પત્નીનો તાવ માપવા ડૉક્ટરે મોંમાં થરમોમીટર મૂક્યું અને મોં બંધ રાખવા કહ્યું.

પોતાની પત્નીને ખામોશ બઠેલી જોઈ એટલે પહેલીવાર હોસ્પીટલમાં આવેલ પેલા ભોળા ગામડિયા પતિએ ભાવુક થઈ ડૉક્ટરને હળવેકથી પુછ્યું, 'સાહેબ, આ ડાંડલી કેટલાની આવે ?'

ત્રીજા ધોરણમાં આવેલ નાનો ભાઈઃ 'આપણે હવે થોડા સમયમાં રૂપિયાવાળા થઈ જઈશું.'

મોટો ભાઈઃ 'એ કેવી રીતે ?'

નાનો ભાઈઃ 'આવતીકાલે મારા ગણિતનાં શિક્ષક પૈસાને રૂપિયામાં કેવી રીતે ફેરવાય તે શીખવાડવાના છે !'

એક સાહિત્યકાર પાનના ગલ્લા પર જઈનેઃ 'એક નાનકડી શ્વેત સૂવર્ણ ધુમ્રવલય પ્રસારણીકા મળી શકશે ?'

ગલ્લાવાળોઃ 'એટલે નક્કી શું જોઈએ છે ?'

સાહિત્યકારઃ 'નાની ગોલ્ડફ્લેક !'

ગલ્લાવાળોઃ 'નથી ! પણ ઉત્તમ ભભકદાર કડક ગડાકુ યુક્ત રક્તરંગી ધાગેદાર તાડપર્ણી ધુમ્રવલય ધૂવાડીકા આપું ?'

હવે સાહિત્યકાર ભિડાયાઃ 'એટલે શું ?'

ગલ્લાવાળોઃ 'બીડી આપું... બીડી ??'